# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 05-Dec-2024 સવારે : 7.45 થી 7.55

1) ભાજપના વરિષ્ઠ નેતા દેવેન્દ્ર ફડણવીસ આજે ત્રીજી વખત મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે – આજે ઝારખંડમાં મંત્રીમંડળનું વિસ્તરણ થશે.
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે કુવૈતની વર્તમાન અધ્યક્ષતામાં અખાત સહકાર પરિષદ અને ભારત વચ્ચેનો સહયોગ વધશે
3) ભુતાનના રાજા જિગ્મે ખેસર વાંગચુક અને રાણી જેત્સુન પેમા વાંગચુંક આજથી ભારતની બે દિવસની મુલાકાતે
4) બાંગલાદેશનાં પદભ્રષ્ટ પ્રધાનમંત્રી શેખ હસીનાએ બાંગલાદેશમાં લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચાર બદલ વચગાળાના નેતા મોહમ્મદ યુનુસની ટીકા કરી
5) પુરુષ જુનિયર એશિયા કપની ફાઇનલમાં ભારતે પાકિસ્તાનને હરાવીને પાંચમી વખત સ્પર્ધા જીતી

## *MAHA - SWEARING-IN*

**ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા દેવેન્દ્ર ફડણવીસ આજે ત્રીજી વખત મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણન આજે સાંજે સાડા પાંચ વાગ્યે મુંબઈના ઐતિહાસિક આઝાદ મેદાનમાં તેમને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવશે.**

ગઈકાલે સર્વસંમતિથી બીજેપી વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાયા બાદ શ્રી ફડણવીસ તેમના સાથીદારો શિવસેના પ્રમુખ એકનાથ શિંદે અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડા અજિત પવાર સાથે રાજ્યપાલને મળ્યા હતા. રાજ્યપાલે તેમને નવી સરકાર રચવા આમંત્રણ આપ્યું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, NDA શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને અનેક કેન્દ્રીય મંત્રીઓ શપથ ગ્રહણ સમારોહમાં ઉપસ્થિત રહેશે. શ્રી ફડણવીસે મહારાષ્ટ્રની જનતા માટે કામ કરવા વચન આપતાં આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ – દેવેન્દ્ર ફડણવીસ, મહારાષ્ટ્ર મુખ્યમંત્રી)

શ્રી ફડણવીસે કહ્યું કે શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી ઉપરાંત તેમને રાષ્ટ્રીય સમાજ પક્ષ, જન સૂરાજ પાર્ટી, યુવા સ્વાભિમાન પક્ષના રવિ રાણા અને અન્ય બે અપક્ષ ધારાસભ્યોનું સમર્થન પણ છે.

ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભાજપના શ્રેષ્ઠ દેખાવનો શ્રેય શ્રી ફડણવીસને આપવામાં આવ્યો છે. રાજ્યમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે 132 બેઠકો પર જીત મેળવી છે.

.................

## *JHARKHAND-CABINET EXPANSION*

ઝારખંડમાં આજે મંત્રીમંડળનું વિસ્તરણ કરાશે. રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવાર બપોરે સાડા બાર વાગ્યે રાંચી ખાતે રાજભવનમાં મંત્રીઓને શપથ લેવડાવશે.મુખ્યમંત્રી હેમંત સોરેને અગિયાર મંત્રીઓને કેબિનેટમાં સામેલ કર્યા છે. જેમાં જેએમએમમાંથી છ, કોંગ્રેસમાંથી ચાર અને આરજેડીમાંથી એક ધારાસભ્યનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે હેમંત સોરેને 28 નવેમ્બરે ઝારખંડના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

.................

## *PM KUWAIT FM*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે કુવૈતની વર્તમાન અધ્યક્ષતામાં  અખાત સહકાર પરિષદ-જીસીસી અને ભારત વચ્ચેનો સહયોગ વધુ વધશે. કુવૈતના વિદેશમંત્રી અબ્દુલ્લા અલી અલ-યાહ્યા ગઈકાલે દિલ્હીમાં પ્રધાનમંત્રીને મળ્યા હતા. પ્રધાનમંત્રીના નિવાસસ્થાને યોજાયેલી આ બેઠકમાં બંને નેતાઓએ વેપાર, રોકાણ, ઊર્જા, ટેક્નોલોજી, સંસ્કૃતિ અને બંને દેશોના લોકો વચ્ચેના સંબંધોને મજબૂત કરવા અને વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવાના પગલાં અંગે ચર્ચા કરી હતી. શ્રી મોદીએ કુવૈતમાં રહેતા 10 લાખ ભારતીયોની યોગ્ય કાળજી લેવા બદલ કુવૈત સરકારનો આભાર માન્યો હતો. બંને નેતાઓએ પશ્ચિમ એશિયાની સ્થિતિ પર પણ ચર્ચા કરી અને આ ક્ષેત્રમાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતાની પુનઃસ્થાપનાને સમર્થન આપ્યું.

.................

## *JAISHANKAR - KUWAIT FM*

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઇકાલે સાંજે નવી દિલ્હીમાં કુવૈતના વિદેશ મંત્રી અબ્દુલ્લા અલી અલ-યાહ્યા સાથે બહુપક્ષીય ભારત-કુવૈત સંબંધોને વધારવા અંગે ચર્ચા કરી.

બંને વિદેશ મંત્રીઓએ પશ્ચિમ એશિયામાં તાજેતરના વિકાસ અને અખાત સહકાર પરિષદ સાથે ભારતના સહયોગ અંગે પણ ચર્ચા કરી હતી. બંને મંત્રીઓએ વિદેશ મંત્રીઓના સ્તરે સહયોગ માટે સંયુક્ત આયોગની સ્થાપના કરવા માટે સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કર્યા.

ડૉ.જયશંકરે કહ્યું કે, ભારત કુવૈત સાથે વેપાર, રોકાણ, ઉર્જા, માહિતી ટેકનોલોજી અને સંસ્કૃતિ સહિત વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા પ્રતિબદ્ધ છે. વિદેશ મંત્રીએ કહ્યું કે ભારતનું 2047 સુધીમાં વિકસિત ભારતનું વિઝન અને 2035

સુધીમાં કુવૈતનું નવું કુવૈત બનાવવાનું વિઝન બંને દેશોને ઉચ્ચ આકાંક્ષાઓ પ્રદાન કરે છે. કુવૈતના વિદેશ મંત્રીએ કહ્યું કે ભારત અને કુવૈત વચ્ચેના સંબંધો સદીઓ જૂના છે અને હવે તે એક ઉચ્ચ ભાગીદારીમાં પરિવર્તિત થયા છે. શ્રી અલ-યાહ્યાએ કહ્યું કે ખાદ્ય સુરક્ષા અને સાયબર સુરક્ષા એ ભારત અને કુવૈત વચ્ચેના મુખ્ય મુદ્દા છે અને કુવૈત સરકારની પ્રાથમિકતાઓમાં સામેલ છે.

..................

## *ISRO - PROBA 3*

ભારતીય અંતરીક્ષ સંશોધન સંસ્થા-ઈસરો એ સેટેલાઈટમાં સર્જાયેલી ટેકનિકલ ખામીને કારણે યુરોપિયન સ્પેસ એજન્સીના પ્રોબા-3 અવકાશયાનના પ્રક્ષેપણના સમયમાં ફેરફાર કર્યો છે. હવે આ પ્રક્ષેપણ શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી PSLV C-59 દ્વારા આજે સાંજે 4 વાગીને 12 મિનિટે કરવામાં આવશે. અગાઉ, તેનું પ્રક્ષેપણ ગઈકાલે થવાનું હતું.

વિશ્વમાં તેના પ્રકારની પ્રથમ પહેલ પ્રોબા-3 માં બે ઉપગ્રહોનો સમાવેશ થાય છે જ્યાંથી બે અવકાશયાન એક સાથે ઉડાન ભરશે. તે સૂર્યના બાહ્ય વાતાવરણનો અભ્યાસ કરવા માટે એક મિલિમીટર સુધીની ચોક્કસ રચના જાળવી રાખશે.

ઈસરોની વેપારી શાખા ન્યુ સ્પેસ ઈન્ડિયા લિમિટેડને યુરોપિયન સ્પેસ એજન્સી તરફથી આ ઓર્ડર મળ્યો છે. આ મિશનનો મુખ્ય ઉદ્દેશ્ય ચોક્કસ રચનામાં ઉડવા અને સૂર્યના બાહ્ય વાતાવરણનો અભ્યાસ કરવાનો છે.

..................

## *BHUTAN KING-VISIT*

ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક તેમની પત્ની રાણી જેત્સુન પેમા વાંગચુક સાથે આજથી બે દિવસની મુલાકાતે ભારત આવી રહ્યા છે.

મુલાકાત દરમ્યાન તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકત કરશે. વિદેશ મંત્રી ડૉ. જયશંકર અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ભૂટાનના રાજાને મળશે. ભારત અને ભૂટાન પરસ્પર મિત્રતા અને સહકારના અનન્ય સંબંધો છે જેની વિશેષતા એકબીજાની સમજણ અને વિશ્વાસ છે. તેમની મુલાકાત બંને દેશોને દ્વિપક્ષીય સહયોગની સમીક્ષા કરવાની અને ભાગીદારીને આગળ વધારવાની તક પૂરી પાડશે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

.................

## *SHEIKH HASINA*

બાંગ્લાદેશના પદભ્રષ્ટ પ્રધાનમંત્રી શેખ હસીનાએ બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર થતા અત્યાચાર માટે દેશના વચગાળાના નેતા મુહમ્મદ યુનુસની નિંદા કરી છે. શેખ હસીનાએ ન્યૂયોર્કમાં એક કાર્યક્રમમાં વર્ચ્યુઅલ સંબોધનમાં મુહમ્મદ યુનુસ પર નરસંહાર કરવાનો અને હિંદુઓ સહિત અન્ય લઘુમતીઓનું રક્ષણ કરવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો હતો.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે 1975માં તેમના પિતા શેખ મુજીબુર રહેમાનની હત્યાની જેમ જ મને અને માંરી બહેન શેખ રેહાનાને મારી નાખવાની યોજના હતી. ઓગસ્ટમાં બાંગ્લાદેશમાં સરકાર વિરોધી પ્રદર્શનોથી દેશ છોડ્યા બાદ શેખ હસીનાનું આ પ્રથમ જાહેર સંબોધન હતું. તેમણે કહ્યું કે ઢાકામાં વર્તમાન સત્તારૂઢ સરકાર લઘુમતીઓનું રક્ષણ કરવામાં નિષ્ફળ રહી છે. સુશ્રી હસીનાએ કહ્યું કે હિંદુ,

બૌદ્ધ, ખ્રિસ્તી - કોઈને પણ બક્ષવામાં આવ્યા નથી. ઘણા ચર્ચ, મંદિરો અને બૌદ્ધ મંદિરોનો નાશ કરવામાં આવ્યો છે. જ્યારે હિન્દુઓએ વિરોધ કર્યો ત્યારે ઈસ્કોન નેતાની ધરપકડ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે લોકોને હવે ન્યાયનો અધિકાર નથી. તેમણે કહ્યું કે તેમને રાજીનામું આપવાનો પણ સમય નથી મળ્યો. જુલાઈ અને ઓગસ્ટમાં સરકાર વિરોધી પ્રદર્શન બાદ શેખ હસીના બાંગ્લાદેશ છોડીને ભારતમાં જ રહે છે.

.................

## *BSF SEIZURE*

સીમા સુરક્ષા દળ-બીએસએફએ પંજાબ પોલીસ સાથે મળીને ગઈકાલે સાંજે પાકિસ્તાન સાથેની પંજાબ સરહદે ચાર સ્થળોએ દાણચોરીના ત્રણ પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા.

બીએસએફની આ કાર્યવાહીમાં ત્રણ ભારતીય દાણચોરોની ધરપકડ કરવામાં આવી હતી. તેમની પાસેથી પાંચ કિલોગ્રામથી વધુ ડ્રગ્સ - હેરોઈન અને એક ડ્રોન મળી આવ્યું હતું. અમારા સંવાદદાતાએ બીએસએફના સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે બીએસએફ જવાનોને ગુરદાસપુરના સરહદી વિસ્તારમાં એક ફાર્મ હાઉસમાં બે શંકાસ્પદ વ્યક્તિઓ અંગેની માહિતી મળી હતી. તેઓએ પંજાબ પોલીસ સાથે મળીને ઓપરેશન હાથ ધર્યું હતું અને ફાર્મ હાઉસમાંથી ચાર કિલોગ્રામથી વધુ હેરોઈન સાથે બે દાણચોરોની ધરપકડ કરી હતી. ફાઝિલ્કા, અમૃતસર અને તરનતારનમાં હાથ ધરવામાં આવેલા ઓપરેશનમાં અન્ય એક દાણચોરની ધરપકડ કરવામાં આવી હતી અને હેરોઈન જપ્ત કરવામાં આવ્યું હતું. વધુ તપાસ માટે આરોપીઓને પંજાબ પોલીસને સોંપવામાં આવ્યા છે.

.................

## *HOCKEY FINAL*

ઓમાનના મસ્કતમાં રમાયેલી પુરુષ જુનિયર હોકી એશિયા કપની ફાઇનલમાં ભારતે પાકિસ્તાનને 3-5 થી પરાજય આપી એશિયા કપ જીતી લીધો છે. આ જીત સાથે ભારતે આ ટૂર્નામેન્ટમાં પાંચમી વખત ટાઇટલ જીત્યું છે. આ પહેલા ભારતે 2004, 2008, 2015 અને 2023માં આ ચેમ્પિયનશિપ જીતી હતી. ભારત માટે અરિજિત સિંહ હુંદલે ચાર ગોલ કરી ઉત્તમ પ્રદર્શન કર્યું હતું, જ્યારે દિલરાજ સિંહે એક ગોલ કર્યો. પાકિસ્તાન તરફથી સુફીયાન ખાને બે અને હન્નાન શાહિદે એક ગોલ કર્યો હતો.

હોકી ઈન્ડિયાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાન સામે 5-3થી ઐતિહાસિક જીત મેળવીને પુરુષ જુનિયર એશિયા કપ 2024 ટ્રોફી જીતી લીધી છે. વર્તમાન ચેમ્પિયન ભારતે ફરી એકવાર સાબિત કર્યું કે તેઓ એશિયાની સર્વશ્રેષ્ઠ ટીમ છે.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

- આજનાં અખબારોમાં વિવિધ હેડલાઇન્સ જોવા મળે છે. સંદેશની હેડલાઇન છે- દેશની નીચલી કોર્ટમાં 4 કરોડ 53 લાખ કેસ પેન્ડિંગ
- ગુજરાત સમાચાર હેડલાઇનમા લખે છે- રફ હીરાનાં ભાવમાં 15 ટકા જેટલાં ઘટાડાનો ડી-બિયર્સનો ઐતિહાસિક નિર્ણય
- દેવેન્દ્ર ફડણવીસ આજે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદે શપથ લેશે- આ સમાચાર તમામ દૈનિકોમાં પ્રથમ પાને છે, જ્યારે નવગુજરાત સમયે તેને હેડલાઇન બનાવી શિર્ષક આપ્યું છે- શિંદે નહીં, હવે ફડણવીસ મહારાષ્ટ્રનાં એક 'નાથ' .ફુલછાબે પણ આ સમાચારને મુખ્ય સમાચાર બનાવ્યા છે.

- સુખબીર બાદલ પર સુવર્ણમંદિર પર હૂમલાના સમાચારને અંગ્રેજી અખબારો ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસે હેડલાઇન બનાવી છે.
- આજના અખબારોનાં સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો, - સંદેશ છેલ્લાં પાને લખે છે કે, ટ્રોગોન, રાઘે અને ધરતી સાકેત ગ્રૂપમાંથી 400 કરોડથી વધુના શંકાસ્પદ વ્યવહારો મળી આવ્યા. સંદેશનાં એક અન્ય અહેવાલ પ્રમાણે ગુજરાતમાં સાડા ચાર વર્ષમાં 5 હજાર 972 MSME એકમોનાં શટર પડ્યા
- અમદાવાદમાં ઓટો રિક્ષા માટે મીટર ફરજિયાત- આ સમાચારને રાજસ્થાન પત્રિકાએ પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે
- આ ઉપરાંત સંસદનાં બંને ગૃહોમાં કામગીરી સામાન્ય રહી, યુપીના સંભલ જતી વખતે રાહુલ-પ્રિયંકાને ગાઝીપુર બોર્ડર પર અટકાવાયા, દક્ષિણ કોરિયામાં છ કલાકમાં માર્શલ લો રદ જેવા સમાચારને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

--------------